ગાંધીનગર સમાચાર

**સેક્ટર-૨૪માંથી ડેન્ગ્યુનો પ્રથમ કેસ મળ્યો**

# કલોલમાં પાટીદારોની પાવરફુલ રેલી

**પાલીકા-પંચાયતની ચૂંટણીમાં ભાજપને પાટીદારોની તાકાત દેખાડવાનું એલાન : કલોલની પાટીદાર રેલી જોઈ સરકારને ગુંગળામણ ધાર્યા કરતા બમણી સંખ્યામાં પાટીદારો જોડાયા : આવનારી પાટીદાર રેલીઓ સરકારને પરસેવો લાવે તો નવાઈ નહીં**






ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્યમાં પાટીદાર અનામત આંદોલનની આંધીએ સરકારની ઊંઘ હરામ કરી નાંખી છે. પાટીદારોના એક પછી એક જાહેર થતા કાર્યક્રમોમાં પાટીદારોની સંખ્યા અને પ્રતિસાદ બમણો થતો જોઈને સરકારને પરસેવો છુટી ગયો છે. આજે ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે યોજાયેલી પાટીદાર રેલીમાં ધાર્યા કરતા બમણી સંખ્યામાં પાટીદારો જોડાયા હતા. ૨૫ હજારથી પણ વધુ પાટીદારોની સંખ્યા કલોલની રેલીમાં જોડાઈ હોવાના આંકડા જાણીને સરકારને ગુંગળામણ થઈ ગઈ છે. તેમાં પણ સરદાર પટેલ ગ્રુપના સુપ્રિમો લાલજી પટેલે પાલીકા પંચાયતની ચૂંટણીમાં ભાજપને પાટીદારોની તાકાત દેખાડી દેવાનું એલાન કરતા અનામત મુદ્દો સરકારને તીરની જેમ વાગ્યો છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ વિસ્તારમાં અનામત આંદોલન અંતર્ગત પાટીદારોની મહારેલી યોજાઈ હતી. ઈન્ટેલીજન્સ બ્યુરોના અંદાજ કરતા પણ બમણી સંખ્યામાં રસભેર પાટીદારો આ મહારેલીમાં વિવિધ પ્લેકાર્ડ સાથે જોડાયા હતા. ૨૫ હજારથી પણ વધુ પાટીદારો આ મહારેલીમાં જોડાયા બાદ રેલી નીકાળીને મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ મહારેલીમાં જોડાયેલા પાટીદારો પાસે અનામત અંગેના વિવિધ પ્લે કાર્ડ પાટીદારોનો જોમ-જુસ્સો બમણો કરી નાંખે તેવા હતા. ''અબ તો આને દો કયામત, લેકર રહેંગે અનામત'', ''વાદ નહી, વિવાદ નહીં, અનામત સિવાય વાત નહીં..!'' આ પ્રકારનાં અનેક પ્લે કાર્ડ પાટીદારો માટે તેમના આંદોલનમાં પ્રાણ પુરે તેવા રહ્યા હતા. તો બીજી તરફ આ રેલી બાદ સરદાર પટેલ ગ્રુપનાં સુપ્રીમો લાલજી પટેલે સરકારન સુચક ચેતવણી આપી હતી કે પાલીકા-પંચાયતની ચૂંટણીમાં ભાજપને પાટીદારોની તાકાત બતાવવી પડશે..!

## આજે દહેગામમાં પાટીદારોની રેલી : ચુસ્ત પોલીસ બંદોબસ્ત

કલોલ વિસ્તારમાં પાટીદારોએ નિકાળેલી અનામત રેલીમાં ઉમટેલા પાટીદારોની સંખ્યાને જોઈને આજે શુક્રવારે દહેગામમાં પોલીસે વધુ બંદોબસ્ત ગોઠવો પડ્યો છે. ગુરૂવારે પોલીસે દહેગામમાં બંદોબસ્ત રીહર્સલ કર્યું અને આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દહેગામ વિસ્તારમાં પાટીદારોની અનામત આંદોલન અંતર્ગત મહારેલી નિકળશે. પાટીદારોની મહારેલીઓ અને સંખ્યાના આંકડા જોઈને સરકાર ચિંતામાં આવી ગઈ છે તેમા કોઈ બે મત નથી.

## મહારેલી પુર્વે પાટીદારોનો ગાયત્રી મહાયજ્ઞ અને બ્લડ ડોનેશન કેમ્પ

**ખ-૦ એટ્રીયા બીઝનેશ હબ ખાતે રવિવારે કેમ્પ યોજાશે**

સમગ્ર પાટીદારો દ્વારા ચલાવવામાં આવી રહેલા અનામત આંદોલન માટે ૨૫ ઓગષ્ટે અમદાવાદમાં મહારેલીનું આયોજન છે. આ શક્તિ પ્રદર્શન રેલી કોઈપણ વિઘ્ન વિના શાંતિથી પુર્ણ થાય તે માટે ''ગાયત્રી મહાયજ્ઞ તથા બ્લડ ડોનેશન કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું છે. ૨૩ ઓગષ્ટે રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન સરગાસણ સર્કલ ખ-૦ પાસે સ્થિત એટ્રીયા ધ બિઝનેશ હબ ગાંધીનગર ખાતે યોજાનાર આ મહાયજ્ઞમાં આહુતી આપવા સમગ્ર પાટીદારોને હસમુખભાઈ પટેલ, જયંત શેલડીયા, યોગેશભાઈ પટેલ અને દિલીપ સેંઘાણીએ આમંત્રણ પાઠવ્યું છે.

## રોજના ૨૦૦ કિ.મી.ની બસ સેવાના મામલે ડ્રાઈવર-કંડકટરોમાં વિરોધ

ગાંધીનગર તા ૨૦

એસ ટી નિગમ દ્વારા ડ્રાઈવર કંડકટરની ફરજના ૨૦૦ કિ મી ફરજીયાત કરવામાં આવતા આજે ચંડોળા તેમજ ગાંધીનગર ડેપોના ડ્રાઈવર તેમજ કંડકટરો દ્વારા વિરોધની લાગણી વ્યકત કરી આગામી દિવસોમાં આ મામલે લડત આપવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ.બંન્ને ડેપોના કર્મચારીઓ આજે ગાંધીનગર ડેપોમાં એકત્રિત થઈ આ મામલે વિભાગીય કચેરીમાં રજુઆત કરવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. હાલ ચંડોળા ડેપોમાં આ નિયમનો અમલ હજુ સુધી કરવામાં આવ્યો નથી ત્યારે આ પૂર્વેજ લડત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**આજે ગાંધીનગર ડેપો ખાતે ૨૦૦ ડ્રાઇવર-કંટકટરોએ એકત્રિત થઇ ચર્ચા વિચારણા કરી**

એસ ટી નિગમ દ્વારા બસ ડ્રાઈવર તેમજ કંડકટરોને અનુલક્ષી ફરજના રોજ ૨૦૦ કી મી ફરજીયાત કરી દેવાયા છે. જેના પરિણામે મુસાફરોને અસરકારક બસ સેવા ઉપલબ્ધ થતી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ગાંધીનગર ડેપોના ૪૫૦ જેટલા ડ્રાઈવર કંડકટરો માટે પણ છેલ્લા બે ત્રણ મહિનાથી ફરજિયાત ૨૦૦ કી મી નો નિયમ લાગુ કરી દેવાયો છે. જયારે ચંડોળા ડેપોમાં હજુ આ નિયમની અમલવારી થઈ નથી. આ નિયમની અમલવારીના અંતે ધીમે ધીમે ડ્રાઈવર કંડકટરોમાં વિરોધનો વંટોળ ઉભો થવા પામ્યો છે. જેને અનુલક્ષી ગાંધીનગર ડેપોમાં આજે ચંડોળા તેમજ ગાંધીનગર ડેપોના ૪૦૦ જેટલા ડ્રાઈવર કંડકટરો અકત્રિત થયા હતા. આ દરમિયાન આ નવા નિયમની અમલવારીનો વિરોધ કરવામાં આવ્યો હતો. જો કે હજુ ચંડોળા ડેપોમાં ડ્રાઈવર કંડકટરો માટે ૨૦૦ કીમી ના નવા નિયમનો અમલ કરવામાં આવ્યો નથી. ડ્રાઈવર કંડકટરોને ફરજિયાત ૨૦૦ કીમી નો નિયમ લાગુ કરી દેવાયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

## સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુની અલગ ઓ.પી.ડી. માટે વિચારણા

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન-ફ્લુની અલગથી ઓ.પી.ડી. શરૂ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે અને આ અંગે ટુંકમાં જ આખરી નિર્ણય કરી આ સુવિધા ઉભી કરી દેવામાં આવશે. મળતી વિગતો મુજબ આજે ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં અલગ ઓ.પી.ડી. શરૂ કરવા અંગેનો પ્રાથમિક પરામર્શ કરવામાં આવ્યો હતો. ગઈ સિઝનમાં ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન-ફ્લુના કેસો મોટી સંખ્યામાં મળ્યા હતા. વારંવાર હવામાનમાં પરિવર્તનને પગલે આ વખતે પણ સ્વાઈન ફ્લુના કેસો દેખાઈ શકે છે.

## સેક્ટર-૨૪માંથી ડેન્ગ્યુનો પ્રથમ કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સે. ૨૪માં ડેન્ગ્યુનો એક પોઝીટીવ કેસ નોંધાયો હોવાનું તંત્રના સત્તાવાર સૂત્રોએ સ્વીકાર્યું છે. જો કે ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુના ૧૨થી પણ વધુ કેસ હોવાની ચર્ચાઓ છે.

આજે સે. ૪ અને ૫ માં તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી. આ સેક્ટરોમાંથી છુટા છવાયા મેલેરિયા ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યાનું જાણવા મળેલ છે.

**ખાનગી હોસ્પિટલમાં ૧૨થી વધુ કેસ**

આજે સે. ૨૪માંથી ડેન્ગ્યુ પોઝીટીવનો કેસ મળ્યો હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ કહ્યું છે કે આ દર્દીનો ટેસ્ટ બી.જે. મેડીકલ કોલેજમાં કરાવાયો હતો અને સાંજે દર્દીનો રિપોર્ટ પોઝીટીવનો આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં

● અનુસંધાન પાન-૫ પર

## આજે નાયબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ૨૧ ઓગષ્ટ, ૨૦૧૫ને શુક્રવારે નાયબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગની કચેરીનો ભાવનગરમાં પ્રારંભ કરાવશે.

રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંગીન બનાવવા તેમજ નાગરિકોની સરળતા હેતુ આ વર્ષના અંદાજપત્રમાં બે નવી નાયબ પોલીસ મહાનિરીક્ષક વિભાગીય કચેરીઓ શરૂ કરવાની જોગવાઈ અનુસંધાને આ ભાવનગર વિભાગીય કચેરીનો પ્રારંભ થઈ રહ્યો છે.

આ ભાવનગર રેન્જમાં ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાના પોલીસ મથકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય પોલીસ દળની આઠમી રેન્જ આઈ.જી.નો તાજેતરમાં ગોધરા નાયબ પોલીસ મહાનિરીક્ષક કચેરી કાર્યરત કરાવી શુભારંભ કરાવ્યા બાદ પોલીસદળની આ નવમી ભાવનગર રેન્જ આઈ.જી. કચેરીનો પ્રારંભ શુક્રવારે બપોરે કરાવશે.

## વોક-વે પર મનપાની તુટેલી ડસ્ટબિન ગંદકીનુ ઉદ્દભવ સ્થાન : નાગરિકોને નડતરરૂપ

**કોર્પોરેશન દ્વારા મુકાયેલી કચરાપેટીની સફાઇ પણ થતી નથી : ફુટપાથ પર વોકીંગ કરનારાઓને પણ નડતરરૂપ**







(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં નિર્મળ નગર અને સ્વચ્છ ભારતના અભિયાન બાદ પણ ગંદકીની જટીલ સમસ્યા હજુ યથાવત છે. કોર્પોરેશન દ્વારા નગરમાં ઘરે ઘરેથી કચરો ઉઠાવી ગંદકી દુર કરવાનુ ઉમદા અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે.પરંતુ નગરના જાહેર સ્થળોએ હજુ ગંદકીના ઢગ યથાવત જોવા મળી રહયા છે. તંત્ર દ્વારા નગરના મુખ્ય માર્ગો સહિતના ઠેકાણે મુકવામાં આવેલ ડસ્ટબિન પણ તુટેલી અને બિન ઉપયોગી હાલતમાં જોવા મળી રહિ છે. મુખ્ય માર્ગોની ફુટપાથ પર સ્થિત ડસ્ટબીન સફાઈના અભાવે ગંદકીનુ ઉદ્દભવ સ્થાન બની છે.

નગરના માર્ગો આસપાસ સ્થિત ફુટપાથને પણ ગંદકીની સમસ્યા ભરખી ગઈ છે. નગરની ફુટપાથ આસપાસના વિસ્તારમાં કચરાના ઢગ ખડકાયા છે. ગંદકીના લીધે સુજ્ઞ નાગરિકોને વોક વે પર ચાલવાની ઈચ્છા ન થાય તેવી સ્થિતિ છે. સ્વચ્છતા અભિયાનનો સાચો ચિતાર આ ઠેકાણેથી જ મળે તેમ છે. નગરના જાહેર સ્થળોએ ગંદકીની સમસ્યા જટીલ બની છે. નજર નાંખો ત્યાં કચરાના ઢગ ખડકાયા છે. જયારે સેકટરોમાં મુકાયેલી કચરાપેટીમાંથી પણ સમયસર કચરાનો નિકાલ ન થતા ઠેર ઠેર ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. નગરની ફુટપાથ પર મુકાયેલા ડસ્ટબીન પણ તુટેલી હાલતમાં છે .કેટલાક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થવાના લીધે પણ ટસ્ટબિન તુટેલી હાલતમાં યથાવત પડયા છે. જયારે કેટલાક ઠેકાણેથી નિયમિતરૂપે કચરો ઉઠાવવાનુ કામ પણ ખોરવાઈ ગયુ છે. નગરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ પર તુટેલી કચરાપેટી નડતરરૂપ બની હોવાની સાથે બિનઉપયોગી હોવાનો પણ આક્રોશ સેવાઈ રહયો છે.

## પર્યાવરણ પ્રકૃતિના શિક્ષણનો વ્યાપ વધારવા વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૨૦

વન વિભાગ દ્વારા સંશોધન સંકુલ ખાતે વન સંસ્કરણ કાર્યક્રમ અન્વયે બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાંધેજા ગ્રામ્ય સેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને સંબોધતા અધિક મુખ્ય વન સંરક્ષકે જણાવ્યું હતું કે પર્યાવરણ અને પ્રકૃતિના શિક્ષણનો વ્યાપ વધારવા આ પ્રકારના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગર સંશોધન સંકુલ ખાતે વન વિભાગ દ્વારા સંશોધન અને તાલીમ અંગે ખેડૂતો, મહિલા ખેડૂતો વિદ્યાર્થીઓ અને વન વિભાગના અધિકારી-કર્મચારીઓ માટે વિવિધ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

સૂચિત સંસ્કરણ કાર્યક્રમના ભાગરૂપે ગ્રામ્ય સેવા મહાવિદ્યાલય, રાંધેજાના એમ.બી.એ.ના ૬૦ જેટલા વિદ્યાર્થીઓનો યોજાયેલ બે દિવસના તાલીમ કાર્યક્રમમાં સંશોધન અને તાલીમ ગાંધીનગરના અધિક અગ્ર



મુખ્ય વન સંરક્ષક કુલદીપ ગોયેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર વન સંસ્કરણ કાર્યક્રમ દ્વારા વન-પર્યાવરણ અને પ્રકૃતિના લોક શિક્ષણનો વ્યાપ વધારવા સક્રિય પ્રયાસો અન્વયે વિવિધ તાલીમ કાર્યક્રમો યોજાય છે. વન અને પર્યાવરણનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય તેમજ વિદ્યાર્થીઓ અને ખેડૂતોમાં પર્યાવરણ ક્ષેત્રે જાગૃતિ આવે તે માટે લોક શિક્ષણના અગત્યના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. વન અને વન જીવોની પ્રવર્તમાન સ્થિતિ અને તેના સંરક્ષણ-સંવર્ધનની રણનીતી તથા પર્યાવરણના સંરક્ષણ માટે આપણા ફાળાની આવશ્યકતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

**વન વિભાગ દ્વારા વન સંસ્કરણ અન્વયે બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો**

સામાજિક વનકરણ યોજના અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ. જગદીર પ્રસાદે વિદ્યાર્થીઓને વન અને વનનો વિકાસ, વન અને ગ્રામીણ વિકાસ, વનોનું મહત્વ અંગે પ્રેઝેન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી. નિવૃત્ત વન સંરક્ષક બી.આર. પંડ્યાએ ક્લાઈમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વાર્મિંગ શું છે, એની અસરો અને નિવારણના પગલા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

**વહાણવટી મ્યુઝીકલ ગૃપ**
સ્ટેજ પ્રોગ્રામ, ગરબાની રમઝટ, લગ્ન પ્રસંગ માટે
- ગાયક -
વિષ્ણુભાઈ નાયક
મો. : ૯૯૨૫૪૧૩૪૨૮
મો. : ૯૬૮૭૪૧૯૫૭૦

**ટચુકડી જાહેર ખબર**
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com